## (1) વેક્સીન વેબ પોર્ટલના સંદર્ભે નીચેનામાંથી ક્યાં વિધાનો સાચાં છે ?

(1) આ પોર્ટલનું નિર્માણ ભારતીય તબીબી સંશોધન પરિષદ દ્વારા કરવામાં આવ્યું છે.

(2) પોર્ટલ એ ફક્ત ભારત અંતર્ગત COVID-19 સંબંધિત આંકડાઓ પ્રકાશિત કરશે.

(3) પોર્ટલ એ નેશનલ કિલનિકલ રજિસ્ટ્રી, ભારતમાં કિલનિકલ અને લેબોરેટરી તપાસ, સારવાર, મેનેજમેન્ટ નવીનતાઓ અને હોસ્પિટલમાં દાખલ કોરોના વાયરસ ચેપગ્રસ્ત દર્દીઓ વગેરેથી સંબંધિત ડેટા એકઠી કરશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ પ્રધાન ડો. હર્ષ વર્ધન દ્વારા ભારતીય તબીબી સંશોધન (ICMR)નું વેક્સીન વેબ પોર્ટલ અને કોરોના વાયરસ માટે રાષ્ટ્રીય કિલનિકલ રજિસ્ટ્રી (COVID-19)ની શરૂઆત કરવામાં આવી છે.

⇛ આ રસી વેબ પોર્ટલ ભારત અને વિદેશમાં કોરોના વાયરસ માટેની રસીના વિકાસને લગતી માહિતી પ્રદાન કરશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ પોર્ટલ એ નેશનલ કિલનિકલ રજિસ્ટ્રી, ભારતમાં કિલનિકલ અને લેબોરેટરી તપાસ, સારવાર, મેનેજમેન્ટ નવીનતાઓ અને હોસ્પિટલમાં દાખલ કોરોના વાયરસ ચેપગ્રસ્ત દર્દીઓ વગેરેથી સંબંધિત ડેટા એકઠી કરશે.

⇛ આ પ્રસંગે આયોજિત કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય મંત્રી ડો. હર્ષ વર્ધનએ જણાવ્યું હતું કે લોકો કોરોના વાયરસ (COVID-19) સંબંધિત રસી વિશે જાણવા માટે વધુ ઉત્સુક છે, તેથી રસીના વિકાસ વિશેની તમામ માહિતી પારદર્શક રીત છે તે આપવાનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

⇛ નોંધનીય છે કે હાલમાં ભારતમાં કુલ ત્રણ COVID-19 રસી કિલનિકલ ટ્રાયલ ચાલી રહી છે, જે વિવિધ તબક્કામાં છે. ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસિત કરવામાં આવતી કોવિશિલ્ડ રસી ભારતમાં તેની ત્રીજી અને અંતિમ તબક્કામાં છે, અને ભારતના સીરમ ઈન્સ્ટિટયૂટ દ્વારા તેનું ઉત્પાદન કરવામાં આવી રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ઉમંગ એપના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ એપનો વિકાસ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલય દ્વારા કરવામાં આવેલ છે.

(2) આ એપનું પૂરું નામ 'યુનિફાઈડ મોબાઈલ એપ્લિકેશન ફોર ન્યૂ એજ ગવર્નેન્સ છે.

(3) એપ અંતર્ગત 17 સેવાઓનો લાભ આપવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ઉમંગ એપ્લિકેશન પર પહેલેથી ઉપલબ્ધ 16 સેવાઓ ઉપરાંત કર્મચારીની ભવિષ્ય નિધિ સંગઠન-EPFO એ હવે કર્મચારી પેન્શન યોજનાના કર્મચારીઓની પેન્શન યોજનાના સભ્યો માટે એક વધુ સુવિધા રજૂ કરી છે.

⇛ ભારતમાં મોબાઈલ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન (NeGD) દ્વારા ઉમંગ (UMANG) (યુનિફાઈડ મોબાઈલ એપ્લિકેશન ફોર ન્યૂ એજ ગવર્નેન્સ) વિકસિત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) હિમાલય ચંદ્ર દૂરબીનના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે મુખ્યત્વે આકાશને સ્કેન કરવાનું કાર્ય કરે છે.

(2) તેની સ્થાપના ભારતીય ખગોળ ભૌતિકી સંસ્થાન, બેંગ્લોર દ્વારા કરવામાં આવી હતી.

(3) તે સરસ્વતી પર્વત પર સ્થિત છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હિમાલય ચંદ્ર દૂરબીન ભારતીય ખગોળશાસ્ત્ર નિરીક્ષક પર સ્થિત છે. તે ધૂમકેતુઓ, તારાઓના વિસ્ફોટો, બાહ્ય ગ્રહો અને એસ્ટરોઈડ્સ શોધવા માટે રાતના આકાશને સ્કેન કરે છે.

⇛ તે સેન્ટર ફોર રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સના સેટેલાઈટ કમ્યુનિકેશન લિંક્સનો ઉપયોગ કરે છે. 20 વર્ષના સફળ ઓપરેશન માટે ટેલિસ્કોપે 260થી વધુ સંશોધન પત્રો પ્રકાશિત છે.

⇛ તે સરસ્વતતી પર્વત પર 4500 મીટરની ઊંચાઈએ આવેલું છે. તેનું સંચાલન ભારતીય ખગોળ ભૌતિકી સંસ્થાન, બેંગ્લોર દ્વારા કરવામાં આવે છે.

⇛ તેની સ્થાપના વર્ષ 2000માં કરવામાં આવી હતી. ટેલિસ્કોપમાં ત્રણ મોટા વિજ્ઞાન ઉપકરણો છે.

⇛ આ ટેલીસ્કોપ ઈનસેટ-3 B સેટેલાઈટ લિંક દ્વારા દૂરસ્થ સંચાલિત થાય છે જે શૂન્યથી નીચે તાપમાનમાં પણ ઓપરેશનની મંજૂરી આપે છે.

⇛ તે એક વર્ષમાં 1000 જીબી ડેટા ઉત્પન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) વીજળી (ગ્રાહકોના હક) નિયમ, 2020ના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાનો સાચા છે ?**

(1) તેના અંતર્ગત 'રાજ્ય વીજ નિયમનકારી આયોગ'ની સ્થાપનાની જોગવાઈ છે.

(2) નવા જોડાણ લગાવવા અને હાલના જોડાણોમાં ફેરફાર કરવા મેટ્રો શહેરોમાં મહત્તમ 7 દિવસ રાખવામાં આવેલ છે.

(3) નિયમો મુજબ ગ્રાહકોની ઉભરતી કેટેગરીને "પ્રોફેશનલ્સ" તરીકે માન્યતા આપવી અને તેમને સ્વ–વપરાશ માટે વીજળી ઉત્પાદન કરવાનો અધિકાર હશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં કેન્દ્રીય વિદ્યુત મંત્રાલય દ્વારા પહેલીવાર વીજ ગ્રાહકોના હક માટેના નિયમો તૈયાર કરવામાં આવ્યા છે.

⇒ વીજળી (ગ્રાહકોના હક) નિયમ, 2020ની મુખ્ય લાક્ષણિકતાઓ :

- ડિસ્કોમ માટે દર વર્ષે ગ્રાહક દીઠ સરેરાશ વીજ કાપની સંખ્યા અને સમયગાળો નક્કી કરવા 'રાજ્ય વીજ નિયમનકારી આયોગ' સ્થાપનાની જોગવાઈ છે.
- જોડાણ માટેની સમયસર અને સરળ પ્રક્રિયા અનુસરવામાં આવશે. 10KW લોડ સુધીના ઈલેક્ટ્રિકલ જોડાણ માટે ફક્ત બે દસ્તાવેજો અને 150KW સુધીના લોડ માટે કનેક્શનને ઝડપી બનાવવા માટે કોઈ અંદાજિત માંગ શુલ્ક રાખવામાં આવ્યો નથી.
- નવા જોડાણ પ્રદાન કરવા માટેનો સમયગાળો નવા જોડાણ લગાવવા અને હાલના જોડાણોમાં ફેરફાર કરવા મેટ્રો શહેરોમાં મહત્તમ 7 દિવસ, મહાનગરપાલિકાના વિસ્તારોમાં 15 દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં 30 દિવસનો સમયગાળો રાખવામાં આવેલ છે.
- 60 દિવસ અથવા તેનાથી વધુ વિલંબ સાથે બિલ આપવામાં આવે તો 2 થી 5%ની છુટ આપવામાં આવે.
- રોકડ, ચેક, ડેબિટ કાર્ડ, નેટ બેન્કિંગ વગેરેમાં બિલ ચૂકવવાનો વિકલ્પ પરંતુ 1000 રૂપિયા અથવા તેથી વધુના બિલની ચુકવણી ઓનલાઈન કરવા પર વધુ ભારત આપવો.
- ગ્રાહકોની ઉભરતી કેટેગરીને "પ્રોફેશનલ્સ" તરીકે માન્યતા આપવી. તેમને સ્વ–વપરાશ માટે વીજળી ઉત્પાદન કરવાનો અધિકાર હશે.
- ગ્રાહકોની ફરિયાદ નિવારણ સરળ બનાવવા માટે પેટા વિભાગથી લઈને વિવિધ સ્તરે ગ્રાહકોના 2 થી 3 પ્રતિનિધિઓ સાથે 'ગ્રાહક ફરિયાદ નિવારણ મંચ."
- વીજળી વિતરણ કંપનીઓ–ડિસ્કોમ્સ દ્વારા સેવામાં વિલંબ માટે વળતર અથવા દંડની જોગવાઈ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) રક્ષા અધિગ્રહણ પ્રક્રિયા, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) પ્રક્રિયા અંતર્ગત સ્વદેશી સામગ્રીમાં 10%ની વૃદ્ધિ કરવામાં આવી છે.

(2) પ્રક્રિયા અંતર્ગત "Buy" નામની નવી શ્રેણી ઉમેરવામાં આવી છે.

(3) આ પ્રક્રિયા એ “રક્ષા અધિગ્રહણ પ્રક્રિયા, 2016”નું સ્થાન લેશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રક્ષા મંત્રી દ્વારા એક નવી રક્ષા અધિગ્રહણ પ્રક્રિયા 2020 જાહેર કરવામાં આવી હતી.

⇛ તતેના અંતર્ગત ભારતીય વેચાણકારો દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલ ઉત્પાદન માટે વિશેષ પ્રોત્સાહન છે.

⇛ રક્ષા અધિગ્રહણ પ્રક્રિયા, 2020 એ 2016માં જાહેર કરવામાં આવેલ પ્રક્રિયાનું સ્થાન લેશે.

⇛ આ પ્રક્રિયા અંતર્ગત "Buy", “મેક ઈન ઈન્ડિયા I અને II”, “ડિઝાઈન અને વિકાસમાં ઉત્પાદન એજન્સી”, “ઓર્ડનન્સ નિર્માણ બોર્ડ અને રક્ષા જાહેર ક્ષેત્રના એકમ” જેવી શ્રેણી ભારતીય વેચાણકારો માટે અનામત રાખવામાં આવશે.

⇛ વિભિન્ન શ્રેણીઓની સ્વદેશી સામગ્રીમાં 10%ની વૃદ્ધિ કરવામાં આવી છે.

⇛ Buy નામની નવી શ્રેણી રજુ કરવામાં આવી છે. આ શ્રેણી અંતર્ગત ઉત્પાદનમાં કુલ કરાર મૂલ્યના આધાર પર ન્યૂનત્તમ 50% સ્વદેશી સામગ્રી હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT